## નમસ્કાર ગાંધીનગર

**પમરાટ**

**જગતના સૌ વાદોમાં શ્રેષ્ઠ એટલે સાધુવાદ..**

**સત્સંગમાંથી...**

**પાથેય**

- રમેશ ઠક્કર

# એક અનોખું ધામ....

**રાધનપુરથી સુઇગામ તરફ જતી સડક જયારે ભાભર નજીક પહોંચે ત્યારે ડાબી તરફ એક નાની સડકને પોતાનો વારસો આપી આગળ વધે છે....બાવળ,જાળાં..ઝાંખરાં અને રણપ્રદેશની આહલેક પોકારતા એ રસ્તે લાડુલા, સણવા, રૂની એવાં નાનકડાં ગામોની તકતીઓ પછી સહેજ આગળ જતાં આંખોને ઠારે એવું એક ગામ આવે છે.. જે કટાવધામ છે...**

**અહીં દૂરથી જ કટાવધામની ધજા ફરકતી જોવા મળે છે..સનાતન ધર્મના તપસ્વી પરંપરાના વારસા જેવું આ સ્થળ આપણી આસ્થાને એક નવી અનુભૂતિ કરાવે છે...એક વિશાળ પ્રવેશદ્વારથી તમે અહીં પ્રવેશ કરો એ સાથે જ અખંડપણે ચાલતી રામધૂનના મધુર સ્વર તમને ઘડીભર ઉભા રહેવા મજબુર કરે છે..આસપાસના ગામોમાંથી આવતા સ્વયંભૂ શ્રધ્ધાળુઓ એક પછી એક આવીને અવિરત વૃંદ સ્વરૂપે આ સરવાણી ચલાવે છે...એમાં ખેડુતો શ્રમજીવીઓ, વેપારીઓ..વટેમાર્ગુઓ સહજપણે જોડાય છે. આ એક અનોખી પરંપરા છે..થોડાક સમય પહેલાં મોરારી બાપુએ અહીં ભવ્ય રામકથા કરેલી ત્યારે આ સ્થળની લોકોને ખબર પડેલી..બાકી એકલખૂણે ઇશ્વરની આરાધના કરતું આ એક અનોખુ ધામ છે.**

**વિક્રમ સંવંત ૧૮૮૫માં ખાખીજી મહારાજ નામે એક તપસ્વી સંત રણકાંઠાના આ દુર્ગમ સ્થળે આવેલા...એ સમયે ત્યાં એક આંબલી હતી.એની નીચે આસન જમાવી એમણે તપ આદરેલું.. એની સુવાસ આસપાસના પંથકો..ભાભર, મોરવાડા, વાવ રાધનપુર સહિતના નાનાંમોટાં ગામોમાં ધૂપસળીની માફક પ્રસરી ગયેલી..ખાખીજી મહારાજે લાગલગાટ સતત ૮૦ વરસ એટલે સંવંત૧૯૫૫ સુધી ઉચ્ચ કક્ષાની સાધના કરેલી..જનસમાજમાં એ પૂજનીય વ્યકિત તરીકે આપોઆપ સ્થાપિત થઈ ગયેલા...આજે પણ એ ઐતિહાસિક આંબલી કાળને મહાત કરી લીલીછમ ઉભી છે..જેને શ્રધ્ધાળુઓ ચમત્કાર માને છે..**

**ખાખીજી મહારાજ માનવ સહિત તમામ જીવો માટે કલ્યાણકારી પંથના પ્રવાસી હતા. એમની પરંપરામાં એવા જ તપસ્વી શિષ્યો આવતા રહયા..અહિં શ્રધ્ધાળુઓ સતત આવતા રહે છે..સરસ ગૌશાળા છે..તળાવ છે..વનરાજી છે..પશુ પંખીઓનો કલરવ છે..પ્રસાદ પણ મળે છે.ખાખીજી મહારાજની ચાખડીઓ,માળાઓ,વસ્ત્રો સહિતની યાદગીરીઓ સચવાયેલી છે.માનવ ધર્મનો ભવ્ય વારસો છે..સ્થાનિક લોકો ખાખીજી મહારાજની આ જગ્યાએ પોતાનાં સુખદુઃખનું સમાધાન મેળવે છે..શાંતિ પામે છે..**

**કહેવાય છે કે દરેક પવિત્ર સ્થળને એક મહાપુરુષ મળી રહેતા હોય છે..આજે પણ દુર્લભ લાગતા સુકાભંઠ એવા રણકાંઠાના આ વિસ્તારમાં...એ જમાનામાં કટાવ જેવા નાનકડા ગામમાં આ મહાત્મા કયાંથી આવ્યા હશે ? એમની વાણી એમનું જીવન અને એમનાં વચનો આ ધુળિયા પ્રદેશના લોકો માટે અમૃતમય સાબિત થયેલ છે..બાજુમાં જ સુઇગામ આંતરાષ્ટ્રીય બોર્ડર..નડાબેટ..એક તરફ રાજસ્થાન..બીજી તરફ કચ્છના નાના રણનો અફાટ પ્રદેશ...ભાભરથી રાધનપુર સુધીનો ઝાડીઝાંખરાંનો વિસ્તીર્ણ સપાટ વિસ્તાર...આ બધાની વચ્ચે પાંગરેલું આ પ્રાચીન શ્રધ્ધાસ્થાન આપણા મનને મોહી લે છે..સાદગી અને સેવાના ઉત્તમ સમન્વય જેવી ખાખીજી મહારાજની જયાં સતત અનુભૂતિ થાય છે એ કટાવધામની જાત્રા એ ઘેર બેઠાં ગંગા જેવી છે.**

# મને એના શબ્દો ઝેર પાયેલા તીર જેવા આકરા લાગ્યા



**સ-રસ**

**મમતા બુચ**

“સાબ, યે કપડે લે લો.” મારા ધોબી ભોલાભાઈએ મને ડ્રોઈંગ રૂમમાંથી બૂમ પાડી. હું અંદરના રૂમમાં મારું કામ કરી રહ્યો હતો. ત્યાંથી દોડીને બહાર આવ્યો. ભોલાભાઈને મારા ઘરમાં બારણું ખુલ્લું હોય તો ગમે ત્યારે પ્રવેશવાની છૂટ હતી.

મેં હસતાં-હસતાં કહ્યું, “ભોલાભાઈ, ઈસ બાર મેરે હી કપડે લાયે હો ના? પિછલી બાર કિસી દૂસરે કા શર્ટ દે દીયા થા!” એણે પણ હસતાં-હસતાં જવાબ આપ્યો, “ક્યા બાત કરતે હો સાબ? આપ તો કિતને તગડે હો! મેરા કોઈ ઘરાક ઈતના મોટા નહીં હે! આપ સે કિસીકા શર્ટ કૈસે અદલાબદલી હો સકતા હૈ!” એમ કહીને એ તો કપડાંનું પોટલું મૂકીને ચાલ્યો ગયો પણ મને જનોઈવઢ ઘા પડ્યો હતો! સાલું, એક ધોબી મને જાડો કહી જાય?

આટલું ઓછું હતું ત્યાં અંદરથી સ્વાતિ ધસમસતી આવી, “આમ પૂતળાંની માફક શું વચ્ચોવચ્ચ ઊભા રહ્યા છો? આ તમે શરીર વધારતા જ જાઓ છો ને ભેગું મારું કામ ય! તમારાં શર્ટ તો સિલાઈમાંથી ફાટે છે તે હું ગમે તેમ કરીને સાંધતી જઉં છું પણ આવાં જાડાં પેન્ટ કેમ કરીને સાંધવાં? ગઈ વખતે પેલા વિનોદ દરજીને સાંધવા આપ્યાં હતાં તે એણે ૩૦૦ રૂપિયા લીધા હતા. મેં જરા ઊંચે અવાજે એને પૂછ્યું કે આટલા બધા કેમ તો કહે કે આટલા તો થાય જ ને! કેટલી બધી સિલાઈઓ મારવાની છે! અને બેન, મને મહેનતના પૈસા આપવામાં જેવા બરાડા પાડો છો એવા તમારા ઘરવાળાને શરીર ઘટાડવા માટે પાડતા હો તો! અને તમે ય તે, મારી નવી સાડીનું બ્લાઉઝ સીવવા આપવાની ના પાડો છો, કારણ શું તો કે એની સિલાઈ બહુ મોંઘી થાય છે ને તમારાં જૂનાં કપડાં માટે પૈસા ક્યાં આભમાંથી વરસશે?” મેં કહ્યું, “ખમૈયા કર મારી મા! તારી નવી સાડીનું બ્લાઉઝ સીવવા આપી આવજે, બસ?” પણ એ બહુ ખુશ થઈ હોય એવું લાગ્યું નહીં ને મોઢું ચઢાવીને અંદર જતી રહી! મને થયું સાલું, આ જાડાપણાનો કોઈક ઈલાજ તો કરવો જ પડશે!

એ સાંજે હું સોસાયટીના ગાર્ડનમાં આંટા મારવા ગયો. થોડા આંટા માર્યા ત્યાં જ થાક લાગવા માંડ્યો એટલે મેં બાંકડે બેસવાનો વિચાર કર્યો અને એ બાજુ ગયો પણ ખરો. પણ ત્યાં એક વીસેક વર્ષની યુવતી મોબાઈલમાં મગ્ન બેઠી હતી. એટલે મેં ત્યાં બેસવાનું માંડી વાળ્યું અને આગળ જવા લાગ્યો. ત્યાં તો એણે “પુરુષદાક્ષિણ્યવૃત્તિ” બતાવી કહ્યું, “બેસો, બેસો દાદા! હું તો અમસ્તી જ બેઠી હતી.” મને એના શબ્દો ઝેર પાયેલા તીર જેવા આકરા લાગ્યા! એ મારાથી માંડ તેર-ચૌદ વર્ષ નાની હશે! “દાદા” કહેવાની જગ્યાએ એણે મને ત્યાંથી ઉઠવાની ચોખ્ખી ના પાડી દીધી હોત તો પણ આ ભોળો જીવ જીરવી જાત!

મારાથી રહેવાયું નહીં. મેં કહ્યું, “બેસો બહેન તમે તારે, પણ હું ઉંમરમાં એટલો મોટો નથી જેટલો તમે ધારી લીધો છે!” એ ઝંખવાણી પડી ગઈ, “સોરી હોં અંકલ! તમને જોઈને મને એમ લાગ્યું કે તમે બહુ મોટા હશો!” “એટલે તારું કહેવું એમ છે કે અનિકેત જાડો છે? અરે, મારા ભ’ઈબંધ આગળ તો પેન્સિલ ય જાડી લાગે! કેમ રે આશુડી, મારા મિત્રને હેરાન કરે છે?” પાછળથી મારા જિગરી મિત્ર અને મારી સોસાયટીમાં જ રહેતા ઉર્વીશે વાતાવરણ હળવું કરી નાખ્યું. આશુબેન હસતાં-હસતાં જતાં રહ્યાં!

મેં કહ્યું, “યાર ઉર્વીશ, તું ખરા ટાઈમે ફ્લોરેન્સ નાઈટિંગલની જેમ મારી મદદે આવી ગયો! આજ સવારથી હું જે મારા શરીરની સમૃધ્ધિ વિષે સાંભળતો રહ્યો છું એનાથી તો મને આ નાશવંત શરીર છોડી દેવાના વિચારો આવી રહ્યા છે!” એ હસી પડ્યો, “હોતું હશે કંઈ! શરીર છોડવું એના કરતાં એમાં રહેલી ચરબી છોડવી સારી! અને તું કંઈ એટલો જાડો નથી!” મારા જીવમાં જીવ આવ્યો! મેં કહ્યું, “આને કહેવાય દોસ્ત! હવે આનો શું ઉપાય કરવો એ પણ કહી દે.” એ કહે, “મૂંઝાય છે શું? આપણે કોઈક જીમમાં જઈએ. એ લોકો એવી સરસ એક્સરસાઈઝ કરાવશે ને ડાયેટ-પ્લાન આપશે કે ત્રણ મહિનામાં તો તું લોકોને દેખાતો બંધ થઈ જઈશ!” મને ફાળ પડી, “હેં?” એ કહે, “એટલે એમ કે તું સાવ પાતળો થઈ જઈશ.” હું રાજી થતો ઘરે ગયો. ઘરમાં જાહેરાત કરી દીધી કે આજથી મને કોઈએ રોકવો-ટોકવો નહીં. મારે “જીમ”માં જવાનું છે! બે-ત્રણ કલાક તો સહેજે નીકળી જ જશે!

બીજે દિવસે હું ને ઉર્વીશ ‘ફિટનેસ ફર્સ્ટ’ જીમમાં પહોંચ્યાં. ત્યાં મોટાં-મોટાં સાધનો ઉપર કેટલાક “ફિટનેસ લવર્સ” એક્સરસાઈઝ કરી રહ્યા હતા. હું બધાંને અહોભાવપૂર્વક જોઈ રહ્યો. જીમના મેનેજર-કમ-ટ્રેનર સાથે ઉર્વીશે એક બાજુ જઈને કંઈક વાત કરી અને ખુશ થતો-થતો મારી પાસે આવ્યો, “ચલ અનિકેત, શુરુ હો જા!” મેં કહ્યું, “પણ આની ફીસ....?” એ કહે, “એ બધું પછી! થોડા દિવસ તું જો તો ખરો તને કેવું લાગે છે. હું આટલામાં જ છું હોં!” હું ઉર્વીશ સામે આભારવશ તાકી રહ્યો.

ત્યાં મને ટ્રેનર ટ્રેડમીલ તરફ લઈ ગયો. કેવી રીતે ત્યાં ચાલવાનું એ સમજાવ્યું. મેં ઉત્સાહભેર એની ઉપર ચાલવાનું શરૂ કર્યું. થોડીક મિનિટો ચાલ્યા પછી તો મારા પગ ભરાવા માંડયા! ટ્રેડમીલ પર ચઢવાનું મને શીખવવામાં આવ્યું હતું પણ ચાલુ ટ્રેડમીલે કેવી રીતે ઉતરવાનું એ એણે મને કહ્યું નહોતું! મેં એને બૂમ પાડીને બોલાવ્યો. એ કહે, “આટલી વારમાં ઉતરી નહીં જવાનું!” મેં કહ્યું, “પણ આ તો પ્રેમના પંથ જેવું છે! ચાલતાં જ રહો પણ ક્યાંય પહોંચાય નહીં! મંઝિલ તો આવે જ નહીં!” પણ એના ઉપર મારી હાસ્યસભર ફિલસૂફીની કોઈ અસર ન વર્તાઈ!

એણે મોઢું બગાડીને મશીન બંધ કર્યું. પછી મને કહે, “થોડી બીજી એક્સરસાઈઝ શીખી જાવ. જુઓ, આમ કૂદો. આને જમ્પિંગ જેક કહેવાય. પાંચ મિનિટ આ કરો.” પણ એમાં તો હું પાંચ વાર કૂદયો ત્યાં જ થાકી ગયો. મેં સ્હેજ હસતાં-હસતાં કહ્યું, “મારી ઉંમર તો કંઈ આમ કૂદવાની છે? આવું કૂદતો હું કેવો લાગું?....આપણે આજે આટલું જ કરીએ તો? પહેલા જ દિવસથી બહુ એક્સરસાઈઝ કરવા માંડીશ તો મસલ્સ પુલ થઈ જશે!”

એના ચહેરા ઉપર કંટાળાના ભાવ હતા. એણે કહ્યું, “ચલો, તમને ડાયેટ પ્લાન સમજાવી દઉં.” મને હાશકારો થયો. એ કહે, “જુઓ, ફેટવાળી કોઈ વસ્તુ નહીં ખાવાની. સ્વીટ હમણાં સદંતર બંધ. રોટલી પાતળી, ખાખરા જેવી, ઘી વગરની, તે ય બે જ, ખાલી સવારે. અડદની દાળ ખાતા હો તો બંધ કરી દેજો. તેલ સાવ ઓછું ખાવાનું અને ડીપ ફ્રાઈડ તો સપનામાં ય ખાતા નહીં!” મેં કહ્યું, “આમાં “નેતિ નેતિ” જેવું છે! મારે શું ન ખાવું એના કરતાં શું ખાવું એ કહો. એ વધારે સહેલું પડશે!” એ કહે, “એ જ તો કહ્યું! સવારે ફણગાવેલા મગ અને સીઝનના ફ્રૂટનો નાસ્તો. બપોરે તુવેરની પાતળી દાળ અને બે રોટલી.” મને થયું કે સાંજે કંઈક સારું આવશે! ત્યાં એ કહે, “સાંજે ડિનર નહીં લેવાનું. દૂધ કે મલાઈ વગરની છાશ અને એની સાથે ....” હું ત્યાં જ બોલી પડ્યો, “સમજી ગયો! રાત્રે પણ ખાવામાં કંઈ ભલીવાર નહીં હોય!” એ ચિડાયો, “તમારે વજન પણ ઉતારવું છે, એક્સરસાઈઝ પણ નથી કરવી, ડાયેટમાં પણ ફેરફાર નથી કરવો, તો બધું તો કેમનું થાય?” મેં કહ્યું, “પણ આટલું બધું નહીં ખાવાનું તો જીવવાનું શેના માટે?” એ કહે, “તમે ખાવા માટે જીવો છો?” મેં કહ્યું, “ના, પણ જીવવાનું મન થાય એવું ખાવાનું તો હોવું જોઈએ ને! માણસ વજન એટલા માટે ઉતારે છે કે એ લાંબું જીવે અને આનંદથી જીવે. પણ એમ કરતાં એને સારું ખાવા-પીવા મળવાનું જ ન હોય તો એ લાંબું જીવન શું કામનું?” એ બરાબર અકળાયો, “તમે આટલી બધી ફિલોસોફી જાણો છો તો અહીં શું કામ આવ્યા છો? તમને શું એમ હતું કે અહીં ગાદી-તકિયે બેસીને માવા-મિષ્ટાન્ન ખાતાં-ખાતાં ફિટનેસ મેળવવાની છે?”

અમારો વાર્તાલાપ સાંભળીને ઉર્વીશ ત્યાં આવ્યો. “યાર અનિકેત, એ સાચું જ કહે છે. આ બધું તો કરવું જ પડશે.” હું થોડો ટાઢો પડ્યો. મેં કહ્યું, “સારું, આની ફીસ શું છે એ કહે.” એણે જે ફીસ કહી એ સાંભળીને મારી એક કિલો ચરબી તો ત્યાં જ ઓગળી ગઈ! સાલું, મહેનત આપણે કરવાની, ભૂખ્યા આપણે રહેવાનું અને પૈસા એ લઈ જાય! એના કરતાં જે છીએ તે જ સારા! “એવા રે અમો એવા રે, તમે કહો છો વળી તેવા રે....” ગણગણતો હું ‘ફિટનેસ ફર્સ્ટ’ની બહાર નીકળી ગયો!

- mtabuch150@gmail.com

# તમે પરેન્ટ્સનું અપડેટેડ વર્ઝન છો કે હજી એનું એ જ જૂનું મોડેલ



**નખરાળી જિંદગી**

**નિયતી કાપડીયા**

આ આજકાલના બાળકો એટલે બાપ રે બાપ! એમને એકેય વાતે ના પહોંચી વળાય. અમે નાના હતા ત્યારે તો મમ્મી-પપ્પા કે દાદા-દાદી જે કહે તે બધું તરત માની જતાં. એ કહે કે ચાંદાને મામા અને સૂરજને દાદા કહેવાનું તો કહી લેતાં. અમે સામે કદી એવો સવાલ નહોતા કરતાં કે મમ્મી ચાંદો તારો ભાઈ થાય તો આપણે તારા એ ભાઈએ કેમ રાખડી બાંધવા નથી જતા? વેકેશનમાં સૂરજદાદાને ત્યાં જઈને રસ પૂરી ખાવાની જીદ નહોતા કરતાં. કોઈક વાર ભૂલે ચૂકેય જો બાપા આગળ જીદ કરી હોય ને બાપા હાથમાં ધોકો લે તો ચૂપચાપ મિયાની મિંદડી જેવા થઈ કોઈની નજરે ના ચઢાય એવા ઘરના એક ખૂણે ભરાઈ જતાં...

આ બધી તો થઈ અમારા ભવ્ય બાળપણની વાતો જેને યાદ કરીએ ત્યારે ખરેખર એમ થાય છે કે અત્યારના બાળકો બદલાય ગયા છે કે અમને જ અમારા બાળકોને સાચવતા નથી આવડતું. એ લોકો અમને નથી જ ગાંઠતા એ હકીકત છે. જ્યારે બાળપણમાં માબાપ કહે એમ કરવું પડતું હતું ત્યારે વિચાર આવતો કે અમે જે દિવસે મોટા થઈ જઈશું, મમ્મી કે પપ્પા બની જઈશું, ત્યારે બધું અમારું ધાર્યું જ કરશું. આવું વિચારી વિચારીને તો આખું બાળપણ વિતાવી દીધેલું અને આજે હાલ એ છે કે એક દોઢ વર્ષના ટેણીયા પાસેથી ટીવીનું રિમોટ પડાવી લેતાય નથી આવડતું!

હજી બે દિવસ પહેલા જ હું મારા દીકરી અને દીકરા સાથે વાતો કરતી બેઠી હતી. મેં કહ્યું કે તુર્કીનાં એક તળાવમાંથી ત્રણ હજાર વરસ જૂનો મહેલ નીકળી આવ્યો. એ જમાનામાં લોકો આજના જેવા અદ્યતન સાધનો વગર આવા ભવ્ય મહેલ કેવી રીતે બાંધતા હશે? સાચે જ એ વખતે દેવતાઓ પૃથ્વી પર વસતા હશે.

મારું વાક્ય જેવું પૂરું થયું કે તરત મારો દીકરો કહે એ બીજા ગ્રહ પરથી આવેલા એલિયન હતા. મને બાળકો સાથે આવી ચર્ચા કરવાની મજા આવે એટલે મેં કહ્યું, આ ખરું તમને કંઈ ના સમજાય એટલે તરત એલિયન હતા એમ કહી દેવાનું! મારી દીકરી કહે, અને તમને લોકોને કંઈ ના સમજાય એટલે તરત ભગવાને કર્યું એમ કહી દેવાનું!

મેં કહ્યું હા તે દુનિયાની રચના ભગવાને જ કરી છે. આ આપણો ગિરનાર પર્વત જ જોઈ લો એ કેવી રીતે બન્યો એની જાણ છે? મારા બંને બાળકોને મારી પાસેથી વાર્તા સાંભળવાની મજા આવે. એમને થયું કે મમ્મી હવે કોઈ લાંબો અને રસપ્રદ કિસ્સો કહેશે એટલે બંને પલાઠી વાળીને મારી સામે બેસી ગયેલા. મેં પણ પછી ચાલું કર્યું...

હજારો વરસો પહેલા, સતયુગના ઉતરાર્ધમાં આજે જ્યાં ગિરનાર પર્વત દેખાય છે ત્યાં એક ઊંડી ખીણ હતી. એમ કહી શકાય કે ઊંડો તળિયા વગરનો ખાડો હતો. એકવાર દેવોની માનિતી ગાય કામદુધા ત્યાંથી પસાર થતા એ ઊંડા ખાડામાં પડી ગઈ હતી. ત્યાં તપ કરી રહેલાં એક ઋષિ દંપતીએ આ દ્રશ્ય જોયું અને એમને ખૂબ દુઃખ થયું એટલે એમણે શ્રી વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી. એમની પ્રાર્થનાથી પ્રસન્ન થઈ ભગવાન હાજર થયા ને એમણે એ ખાઈને દૂધ વડે ભરી નાંખી. કામદુધા એ દૂધ પર તરતી તરતી બહાર આવી ગઈ. આ દ્રશ્ય જોઈ એ ઋષિ દંપતિ પ્રસન્ન તો થયું પણ સાથે જ એમને વિચાર આવ્યો કે આ ગાયની જેમ જ કેટલા બધા નિર્દોષ જીવ અકસ્માતે આ ખાડામાં પડી જતાં હશે અને જીવ ગુમાવતા હશે. એમણે ભગવાનને પ્રાર્થના કરી કે પ્રભુ તમે આ ખાડાને પૂરી દો તો અતિઉત્તમ.

વિષ્ણુ ભગવાને એમની વાત સ્વિકારી લીધી અને આ કાર્ય પાર પાડવા મેરુ પર્વતને કહ્યું કે તમારા પુત્રોમાંથી કોઈ એક ને કહો કે એ આવીને આ ખીણમાં સ્થાન લે જેથી આ ખાડો ભરાઈ જાય. મેરુપર્વતે આખી વાત સાંભળી દુઃખી અવાજે કહ્યું કે માફ કરજો પ્રભુ પણ મારા દીકરા હવે આ કામ પાર પાડી શકે એવી હાલતમાં નથી.

હવે એ જમાનામાં દરેક પર્વતને પાંખો હતી. એ એમનું મન થાય ત્યાં ઊડીને જતા અને પછી નીચે પડી જતાં. એમની નીચે દબાઈને કેટલાય ગામ નષ્ટ થઈ જતાં. એકવાર એક ગામનું સત્યનાશ વળેલું જોઈ ત્યાંથી પસાર થઈ રહેલા લોમેશ ઋષિને અત્યંત ક્રોધ આવી ગયેલો અને એમણે મેરુ પર્વતના દરેક પુત્રની પાંખો કાપી નાંખેલી. પાંખો વગરના પર્વત હવે ક્યાંય ઊડીને જઈ શકે એમ નહોતા. મેરુ પર્વત આ વાત કહી રહ્યા હતા ત્યાં એમના એક પુત્રએ કહ્યું કે જ્યારે લોમેશ ઋષિ અમારી પાંખો કાપી રહ્યા હતા ત્યારે અમારો સૌથી નાનો ભાઈ રેવતાચલ ભાગીને દરિયામાં છુપાઈ ગયેલો. એની પાંખો હજી સલામત છે એટલે એ આ કાર્ય કરી શકશે. મેરુપર્વતે પછી રેવતાચલને વાત કરી ત્યારે એણે ભગવાન આગળ ત્રણ શરત રાખેલી. એ ત્રણ શરત મંજૂર થઈ પછી જ રેવતાચલ ઊડીને સોરઠમાં આવેલી એ ખીણમાં સમાઈ ગયેલો. એ રેવતાચલ એટલે જ આજનો ગિરનાર. મેં આટલી વાત કહી અને પછી હું ચૂપ થઈ ગઈ. રેવતાચલ પર્વતની શી ત્રણ શરતો હતી એ જાણી લાવવાનું કામ મેં મારા બાળકોને સોંપ્યું અને એ ગૂગલ પ્રેમી બાળકો તરત એમના ફોન લઈ શોધખોળ કરવા લાગી ગયેલા.

સૌથી પહેલું તો એમને ગૂગલબાબાએ કહ્યું કે ગિરનાર પર્વત લાવારસ ઠંડો પડતાં એમાંથી બન્યો છે. એનાથી આગળ એમણે સર્ચ કર્યું પણ વધારે માહિતી ના મળી એટલે મને કહે પર્વતને પાંખો હતી અને લોમેષ ઋષિએ એ કાપી નાંખી એવી વાતો આજના જમાનામાં કોણ માને?

ખેર, અમારી વચ્ચે આવી બધી મજેદાર ચર્ચા તો ચાલતી જ રહે છે. આ બધી ચર્ચા કરતી વખતે મને એમ થાય કે આજના આ હોશિયાર બાળકોને મન આપણી પૌરાણિક વાતો એક મજેદાર વાર્તા જેવી છે. એમને એ સાંભળવાની મજા આવે છે પણ એવું હકીકતમાં થયું હશે એવું માનવાને એમનું મન રાજી નથી થતું. જે જમાનામાં આ બધું કહેવાયું હતું એ જમાના અને આજ વચ્ચે હજારો વરસ પસાર થઈ ગયા છે ત્યારે એ ઘટનાઓને આજના બાળકો સ્વિકારી શકે એ રીતે નવા રૂપે વ્યક્ત કરવાની જરૂર છે.

આજે બાળકોને મન જે કંઈ પણ વૈજ્ઞાનિક રીતે સાબિત કરી શકાય એ જ સાચું છે. જ્યાં વિજ્ઞાનના હાથ ટૂંકા પડે ત્યાં એ લોકો તરત પરગ્રહથી આવી ગયેલા કોઈ અજાણ્યા જીવ અને એની શક્તિઓ વિશે કલ્પના કરવા લાગી જાય છે. એમને મન રોબોટ્સ કે પરગ્રહવાસી સાચા છે જ્યારે દેવતાઓ હજી શંકા સ્વરૂપ. આ બધા પાછળનું કારણ મને જેટલું સમજાય છે એ મુજબ આપણી વાત કહેવાની સ્ટાઈલ થોડીક બદલવાની જરૂર છે. જૂની વાતોને એક નવા બીબામાં ઢાળી, નવા આકર્ષક પેકેટમાં પેક કરી બાળકો આગળ રજૂ કરતા એ હોંશે હોંશે બધું જાણવા અને માનવા તૈયાર થઈ જાય એ શક્યતા નકારી શકાય એવી નથી.

**અમસ્તું,**

**મેં પાણી ભરેલી થાળીમાં ચાંદ દેખાડ્યો ત્યાં એ બાળકે મને મોબાઈલમાં ટેલિસ્કોપ દેખાડ્યું!**

@Niyati Kapadia

# જૈન તત્વદર્શન અને એમનો સેવાયજ્ઞ દરેક ધર્મ - સમાજ માટે પ્રેરક, અનુકરણીય તેમજ આદર્શ છે



**લાગણીનો મેળો**

**રસિક વાળંદ**

આ સ્યોરી કેવા આયો સું ન ઘાબાજરિયું લાયો સું
હજુય દુઃખતું હોય તો લગાડ કોન પર ન વાત હોંભર મારી
તીજા ધોરણમો તારો પાઠ આવ છ : ’ભગવોન મહાવીર ’.
અવ ભા ના પાડતા’તા તોય સોડીન ભણાવા મેંલી મોંડ મોંડ .
તે ઈણે ઇસ્કૂલથી આઇને પથારી ફેરવી કાલ .
ડાયરેક્ટ ભાને જઈન કીધું ,
ક આપડા બાપ - દાદા રાક્ષસ તો મહાવીર ભગવોનના - કોન માં ખીલા ઘોંચ્યા .
હવ ભાની પરશનાલીટી તન ખબર ને ,
ઓંખ લાલ થાય એટલે શીધ્ધો ફેંશલો .
મને કેં ’ ઈસ્કૂલેથી ઉઠાડી મેલ સોડીન .
આ તારા પાઠે તો પથારી ફેરવી હાચ્ચન .
હવ પેલાએ ખીલા ઘોંચ્યા ઈ ખોટું કર્યું મુય માનું સું .
પણ ઈન ઓછી ખબર હતી તું ભગવોન થવાનો....

- **સૌમ્ય જોશી**

ચૈત્ર સુદ ૧૩ (તેરસ) ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિન.

મહાવીર સમા મહામાનવો મા ધરિત્રીને ખોળે પ્રત્યેક યુગે એકાદ બે માંડ અવતરતા હોય છે...અને એ પણ The law of universal necessity - જાગતિક જરૂરિયાતના ભાગ રૂપે...એમનો જન્મ જ વિશ્વકલ્યાણ અર્થે થયો હોય છે. આવા મહાપુરુષો થકી " કુલં પવિત્રમ્ જનની કૃતાર્થા, વસુંધરા પુણ્યવતી ચ યેન. "

મિત્રો, કથાકારો - પંડિતો શાસ્ત્રો વાંચી - ગોખી - કે સાંભળીને પોતાની બુદ્ધિ શકિત ને તર્કના આધારે વિવિધ અર્થઘટનો કરી સમાજના રાહબર બનતા હોય છે , જ્યારે યુગપુરુષોનું જ્ઞાન તો જીવનની તપશ્ચર્યામાંથી ઉદ્દભવેલું હોય છે, પોતાની અનુભૂતિની અભિવ્યક્તિનું નક્કર જ્ઞાન હોય છે આવું જ્ઞાન જ માનવજીવનને ઉત્તમ ઘાટ આપી શકે.

આ ધરતી પર સમયાંતરે વિશ્વવાત્સલ્યથી છલકતી કારુણ્યમયી વિરલ વિભૂતિઓ પોતાની પરમતત્વની અનુભૂતિઓ અભિવ્યક્ત કરવા સંસારમાં અવતરિત થતી હોય છે , એમાંની એક વંદનીય પ્રતિભા એટલે મહાવીર સ્વામી.

આમ તો વિશ્વનિયંતા એ સર્જેલાં પ્રકૃતિમંદિરો તો ખરાં પણ મને દેવાલયો ને દેરાસરો વિશેષ આકર્ષે છે તેની ભવ્યતા ને રમ્યતા માટે..!! લગભગ દોઢેક દાયકા પૂર્વે શૈક્ષણિક કાર્યશિબિરના ભાગ રૂપે આવાં પવિત્ર તીર્થધામોમાં ત્રિદિવસીય રોકાણનો ભરપૂર લ્હાવો માણેલો..આ જૈન દેરાસરોમાં " નવકારશી"( સવારનો નાસ્તો ) અને "ચોવિહાર"( સૂર્યાસ્ત પૂર્વેનું ભોજન ) ... આવા પારિભાષિક શબ્દોનો પહેલ વહેલો પરિચય થયેલો ....તેની નોંધ પણ કરી હતી.આ ઉપરાંત જૈન ધર્મી અને અભ્યાસુ મિત્ર પાસેથી જૈન દર્શનનું આછકલું જ્ઞાન પણ લાધ્યું..." માનવીએ મોક્ષ પ્રાપ્તિ માટે અઢાર દોષોમાંથી મુક્ત થવું જોઈએ. અર્થાત્ પ્રાણાતિપાત (સૂક્ષ્મ જીવ હિંસા ) , મૃષવાદ (જુઠ્ઠું બોલવું ), અદત્તાદાન ( ચોરી), મૈથુંન (વિષયાસકત),પરિગ્રહ (સંગ્રહ), ક્રોધ, અહંકાર, માયા,લોભ, રાગ,દ્વેષ,કલહ, અભ્યાખ્યાન(,કોઈના માથે આળ ચડાવવું ), પૈશુંન (ચાડી - ચૂગલી),રતિ (સુખ - દુઃખ ),પરપરિવાદ( પારકી નિંદા ),માયા - મૃષાવાદ (કપટ સાથે જુઠ્ઠું બોલવું )અને મિથ્યાત્વ (અંધશ્રદ્ધા)...આ અઢાર દોષોમાંથી મુકત થવા - મોક્ષ પ્રાપ્તિ માટે...સમ્યક્ દ્દષ્ટિ ,સમ્યક્ જ્ઞાન ,સમ્યક્ ચરિત્ર અને સમ્યક્ વાણી - આ ચાર ઉપાયો.

જૈન દેરાસરોમાં ચાર સેવાકીય બાબતો અનિવાર્યપણે જોવા મળે. એક ઉપાસના માટે દેરાસર બીજું ઉપાશ્રય - (જૈન મુનિ, મ. સા., ભગવંતોના ઉતારા ને ઉપદેશ માટે),ત્રીજું યાત્રીઓ માટે ધર્મશાળા અને ચોથું ભોજનશાળા....જ્યાં સ્વચ્છતા અને સાત્વિકતા સહજ ગમી જાય એવી..આ ચારેય સેવાનો લાભ દરેકને કોઈ પણ નાત, જાત કે ગચ્છના ભેદ વગર...સૌ માટે ઉપલબ્ધ. આનો જાત અનુભવનો અવસર સહજ સુલભ થયેલો.

મારી દ્દષ્ટિ જૈન તત્વદર્શન અને એમનો સેવાયજ્ઞ દરેક ધર્મ - સમાજ માટે પ્રેરક ,અનુકરણીય તેમજ આદર્શ છે.

સાંપ્રત સમયે માર્ગ ભૂલેલો માનવી વિજ્ઞાનની અપ્રતિમ શોધો,ટીવી, મોબાઈલ, ઈન્ટરનેટની સુખ સાહ્યબીમાં ગળાડૂબ પણ અંદરથી સાવ શૂન્ય થઈ ગયો છે.ખાલીપો અનુભવે છે.ત્યારે સત્યાગ્રહી નહીં સત્યગ્રાહી બની ભાવ, પ્રેમની પરિભાષા શીખવવી પડશે. ધર્મનો સહારો લેવો પડશે.

દોસ્તો,. ધર્મ - સંપ્રદાય , મઝહબ કે રિલિજિયન- **Religion...** આ બધા લગભગ સમાનાર્થી જ છે. **Re** અને **legere** એટલે ફરી બાંધવું...તો "ધર્મ" શબ્દ ‘ધૃ’ ધાતુમાં ‘મન’ કૃદંત ઉમેરાઇને બન્યો છે." ધાર્યતે જનૈરિતિ ધર્મઃ " અર્થાત્ માનવમાત્ર જેને પોતાના આચરણમાં લાવે તેને "ધર્મ "કહેવાય છે. આવી વ્યક્તિને ધાર્મિક કહીએ છીએ.

સૃષ્ટિ સર્જકે મનુષ્ય પાસે એકજ અપેક્ષા રાખી છે કે મનુષ્ય પોતાનું મર્યાદાપૂર્ણ આદર્શ જીવન બનાવે જેનાથી એનો મનખાવતાર ફળે તેમજ પોતાનાં કૃત્યો - આચરણોથી પરિવાર, સમાજને દુનિયાને સુવ્યવસ્થિત બનાવે...દુનિયાના દરેક ધર્મનું એક જ લક્ષ્ય છે " જીવ " ને " શિવત્વ " બક્ષવાનું..!!!

અંતે પેલી વાત મહાવીરના કાનમાં એક ભરવાડે ખીલા ઠોક્યાં એવું વર્ણન છે.એના ઐતિહાસિક સત્યમાં ન પડીએ તો પણ મહાવીરો કે મહાપુરુષોના કાનમાં કટું શબ્દો - નિંદા રસ તો જગત રેડે જ છે.એ સર્વ વિદિત છે. ભગવાન મહાવીરે ગોવાળનો વાંક કાઢ્યો જ નથી એમણે તો કર્મની વાત કરી છે. કવિઓએ પણ ભરવાડને ક્યાં દોષી ઠેરવ્યો છે ? એમણે તો લખ્યું છે ;

" કાનમાં ખીલા નાખ્યા જ્યારે ,
થઈ વેદના પ્રભુજીને ભારે,
તોય પ્રભુજી શાંત વિચારે,
ગોવળનો નહીં વાંક લગારે..."

● ● ●

**સ્પર્શમણિઃ-**

**જે મનુષ્ય પ્રામાણિક છે, તે "જૈન" છે.**
**જેની લેવડ દેવડ શુદ્ધ છે , તે "જૈન" છે.**
**જેની કમાણી’ સ્વચ્છ ’ છે , તે "જૈન" છે.**
**જેનો નફો ગંદો નથી, તે "જૈન" છે.**
**જેનામાં ધાર્મિક કટ્ટરતા નથી, તે "જૈન" છે.**
**જેનો લોભ, ક્રોધ, મોહ મર્યાદામાં છે, તે "જૈન" છે.**

- ગુણવંત શાહ

- rasikvaland1965@gmail.com
9913426949